પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૫૨ | ૧૧ ઓગસ્ટ, ૨૦૧૭, શુક્રવાર ; શ્રાવણ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ઉપરાષ્ટ્રપતિ હામીદ અન્સારીને વિદાય



દેશના ઉપરાષ્ટ્રપતિ અને રાજયસભાના ચેરમેન હામીદ અન્સારીને ગુરૂવારે અંતિમ દિવસે વિદાય અપાઈ હતી. જો કે આ સમયે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને હામીદ અન્સારીએ પોતપોતાના પ્રવચનમાં એકબીજાને સંભળાવી દીધુ હતુ.

### મહિલાઓ સામેના ગુન્હાઓમાં છ ટકાનો વધારો

દેશમાં મહિલાઓ સામેના ગુન્હાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. ૨૦૧૬માં ૩,૫૦,૦૦૦ ગુન્હાઓ નોંધાયા હતા જે વર્ષ ૨૦૧૫ કરતા ૬ ટકા વધારે છે.

### જેડીયુમાંથી શરદ યાદવને બરતરફ કરાશે

જેડીયુના વરિષ્ઠ નેતા શરદ યાદવને પક્ષમાંથી બરતરફ કરવાના ભણકારા વાગી રહ્યા છે. ગુજરાતના



જેડીયુના ધારાસભ્ય છોટુ વસાવાના મતદાનના મામલે નીતિશકુમારે યાદવ સામે મોરચો કોલ્યો હોવાના સંકેત મળે છે.

# રાજયભરમાં સ્વાઈન ફલુનો આતંક

## રાજ્યમાં મૃતાંક ૧૪૦થી વધુ : રાજયભરમાં સ્વાઇન ફલુ પોઝીટીવના એક હજારથી વધુ કેસો : સ્વાઇન ફલુના ખતરનાક કહેરથી પ્રજા ભયભીત

અમદાવાદ, તા.૧૦

રાજયભરમાં સ્વાઈન ફલુનો વાયરસ ખતરનાક રીતે ત્રાટકયો છે અને અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના વિસ્તારોમાં જાણે સ્વાઈન ફલુએ હાહાકાર મચાવ્યો છે. સ્વાઈન ફલુના ખતરનાક કહેરના લીધે અત્યારસુધીમાં રાજયભરનો કુલ મૃત્યુઆંક હવે ૧૪૦ને આંબી ગયો છે, તો સ્વાઈન ફલુ પોઝીટીવના રાજયમાં એક હજારથી વધુ કેસો નોંધાયા છે. જેમાં સૌથી વધુ અમદાવાદમાં ૨૨૫થી વધુ કેસો સામે આવ્યા છે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં નરોડાની મહિલા અને વિરાટનગરના એક પુરુષ દર્દીનું સ્વાઈન ફલુના કારણે મૃત્યુ થયું છે. આ સાથે અમદાવાદમાં છેલ્લા નવ દિવસમાં સ્વાઈન ફલુના કારણે ૧૨ મૃત્યુ નોંધાતા જબરદસ્ત ચકચાર મચી ગઈ છે. વડોદરામાં છેલ્લા ૨૪ કલાકમાં ચાર દર્દીઓના મોત નોંધાયા હતા. રાજયભરમાં જે પ્રકારે સ્વાઈન ફલુના પોઝીટીવ કેસો વધી રહ્યા છે અને જે હદે મૃત્યુઆંક વધી રહ્યો છે તેનાથી પ્રજા હવે ખરેખર ભયભીત બની છે.તો બીજીબાજુ, સરકારની ગંભીર નિષ્ક્રિયતા સામે આવી રહી છે. અત્યારસુધીમાં સૌથી વધુ મત્યુઆંક સૌરાષ્ટ્ર-રાજકોટમાં ૫૦નો નોંધાયો છે. રાજયભરમાં સ્વાઈન ફલુની વકરતી ભયાવહ સ્થિતિને ખુદ રાજય સરકાર અને આરોગ્ય તંત્ર જબરદસ્ત ચિંતિત બન્યું છે કારણ કે, રાજયમાં સ્વાઈન ફલુની સ્થિતિ ગત વર્ષની સરખામણીમાં આ વખતે વધુ ખતરનાક અને ભયંકર છે પરંતુ સરકારની આ ચિંતા અને લેવાઈ રહેલા પગલાં જાણે દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. સ્વાઈન ફલુ પોઝીટીવના વધતા જતા કેસો અને વધી રહેલા મૃત્યુઆંકને જોતાં રાજયના આરોગ્યતંત્ર આ મામલે નિષ્ફળ સાબિત થઈ રહ્યું છે. અમદાવાદ શહેરમાં અત્યારસુધીમાં કુલ મળી ૨૨૫થી વધુ સ્વાઈન ફલુ પોઝીટીવના કેસો સામે આવ્યા છે, જેમાં ૩૭ કેસો તો છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયા છે. સ્વાઈન ફલુના કારણે અમદાવાદમાં છેલ્લા નવ દિવસમાં ૧૨ મોત નોંધાતા શહેરનો કુલ મૃત્યુઆંક ૨૬ થઈ ગયો છે. સ્વાઈન ફલુના જબરદસ્ત કહેરના લીધે રાજયના અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના વિસ્તારોમાં અત્યારસુધીમાં ૧૪૦ જેટલા દર્દીઓના મોત નીપજયા છે. ગયા વર્ષની સરખામણીએ સ્વાઈન ફલુના કારણે આ વખતે રાજયમાં ખતરનાક ભય અને ચિંતાજનક સ્થિતિનું નિર્માણ થયું છે. સ્વાઈન ફલુ આ વર્ષે ખતરનાક રીતે ત્રાટકયો છે, જેના કારણે અત્યારસુધીમાં એક હજારથી વધુ સ્વાઈન ફલુના પોઝીટીવ કેસો સામે આવ્યા છે. માત્ર છ મહિનામાં જ સ્વાઈન ફુલના કેહરે આ વરવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે.

# શેર અને મ્યુચ્યુઅલ ફંડ યુનિટો ખરીદવા આધાર ફરજિયાત થશે

## શેરબજાર મારફતે કાળા નાણાને સફેદ કરવાની રમત રોકાશે : પેનકાર્ડ ટેક્સ ચોરી રોકવામાં પુરતા હથિયાર તરીકે સાબિત ન થતાં હવે કેન્દ્ર સરકાર તેમજ સેબી દ્વારા વિચારણા : ટૂંક સમયમાં જ અંતિમ નિર્ણય કરાશે



મુંબઈ,તા. ૧૦

શેર અને મ્યુચ્યુઅલ ફંડ યુનિટની ખરીદી કરવા માટે પણ ટુંક સમયમાં જ આધાર કાર્ડને ફરજિયાત કરવાના મુદ્દે વિચારણા ચાલી રહી છે. ટુંક સમયમાં જ અંતિમ નિર્ણય લેવામાં આવી શકે છે. સરકાર અને સેબી દ્વારા આધાર કાર્ડને ફાયનાન્સિયલ માર્કેટ ટ્રાન્જેક્શન સાથે લિન્ક કરવાની યોજના બનાવવામાં આવી રહી છે. તેમનુ માનવુ છે કે આ પ્રયાસથી શેર બજાર મારફતે કાળા નાણાંને સફેદ કરવાના પ્રયાસોને રોકવામાં સફળતા મળી શકે છે. આ સમગ્ર મામલા પર નજર રાખી રહેલા સુત્રોએ કહ્યુ છે કે સરકારને આ વાતની ખબર પડી ગઈ છે કે પન ટેક્સ ચોરી રોકવા માટે પુરતા પ્રમાણમાં નથી. જેથી તે હવે આધાર પર દાવ લગાવે

● અનુસંધાન પાન-૭ પર




# અમૃતસર જતી ટ્રેનમાં બોંબ મળ્યો

## ઓછી તીવ્રતાના બોમ્બને નિષ્ક્રિય કરી દેવાયો : સ્વતંત્રતા દિવસની આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે બોમ્બ મળતા તંત્ર સાવધાન : સાવચેતીના તમામ પગલા

અમેઠી,તા. ૧૦

સ્વતંત્રતા દિવસ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે આજે સવારે અમૃતસર તરફ જતી ટ્રેનમાં બોમ્બ મળી આવતા તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. ટ્રેનમાં મળી આવેલા બોમ્બને નિષ્ક્રિય કરવાની કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. આ બોમ્બ નિષ્ક્રિય કરી દેવામાં આવ્યો હતો. અમેઠીના અકબરગંજ રેલવે સ્ટેશન પર કોલકત્તા-અમૃતસર અકાલતખ્ત એક્સપ્રેસ ટ્રેનમાં શંકાસ્પદ સ્થિતીમાં બોમ્બ મળી આવ્યો હતો. સ્ટેશન પર આશરે છ કલાક સુધી ટ્રેનની ત્યારબાદ ચકાસણી કરવામાં આવી હતી. સુચના મળતાની સાથે જ વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોચી ગયા હતા. નિષ્ણાંત ટુકડી ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. વિસ્ફોટકની સાથે એક પત્ર પણ મળી આવ્યો હતો. જેમાં હાલમાં જ જમ્મુ કાશ્મીરમાં ઠાર થયેલા ખતરનાક ત્રાસવાદી અબુ દુજાનાના મોતનો બદલો લેવાની વાત કરવામાં આવી છે. અમેઠીના એસપીએ વિગત આપતા કહ્યુ હતુ કે ૧૨૩૧૮ કોલકત્તા -અમૃતસર ડાઉન ટ્રેનાના એસી-બીઉ કોચમાં બોમ્બ મળી આવ્યો હતો. આ બોમ્બ દેશી હોવાની વિગત મળી છે. તેની સાથે ક પત્ર પણ મળી આવ્યો છે. જેમાં બદલો લેવાની વાત કરવામાં આવી છે. આ કોઈ તોફાની તત્વોનુ કામ હોઈ શકે છે. પરંતુ સમગ્ર મામલામાં

● અનુસંધાન પાન-૭ પર









અમૃતપુરી એમ. ગોસ્વામી
(૧૩.૧૨.૧૯૫૬ - ૧૧.૮.૨૦૧૫)

અમારે માટે તો તમે છો નિરંતર પ્રેરણા શ્રોત, અમારા પ્રત્યેક વિચાર અને કાર્યમાં પથદર્શક, અમારા સ્વપ્નો, અમારા પ્રયત્નો અને અમારી પ્રતિબદ્ધતામાં તમે સદા જીવંત રહો....

न जायते प्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यामाने शरीरे ॥
આત્માને ના જન્મ, ના મૃત્યુ; ના આદિ, ના અંત.
અજન્મ અને અમર એવો એ સનાતન સદાય,
ના કોઈને હણે, ના કોઈથી હણાય.
- ભાગવદ ગીતા (અધ્યાય ૨ - શ્લોક ૨૦)

**પ્રેરણા સ્મૃતિમાં**

જયાબેન અમૃતપુરી ગોસ્વામી

મેહુલ એ. ગોસ્વામી
રવિપુરી એ. ગોસ્વામી
દિવ્યા એમ. ગોસ્વામી
કુ. ધ્રીશા એમ. ગોસ્વામી

**આજથી બે દિવસ પ્રદર્શન કમ સેલ**
સમય : ૧૧ થી ૮ ● ઈન્ફોસીટી ક્લબ એન્ડ રિસોર્ટ

ચાલો, એક નવી શરૂઆત કરીએ.....
ફુલોના બુકે ને બદલે હંમેશા જીવંત રહે એવા
Lush (ગ્રીન અને તાજા) છોડ આપી શુભેચ્છા પાઠવીએ...
ઘર કે ઓફીસની સજાવટ અને ગ્રીન લુક માટે, બોન્સાઈ માટે, ગીફ્ટ માટે

Bindi Dave
98248 33440




પ્લોટ નં. ૧૨૪૨/૧, સેક્ટર - ૭/ડી, ગાંધીનગર
bindidave75@gmail.com

**આશ્કા મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ**
અત્યાધુનીક સગવડો ધરાવતી કોર્પોરેટ હોસ્પિટલ

શું તમારા ઢીંચણમાં દુ:ખાવો છે ?
શું પગથિયાં ચઢતાં - ઉતરતાં તમને ઢીંચણમાં દુ:ખાવો થાય છે ?
શું તમારા ઢીંચણમાં ચાલતી વખતે દુ:ખાવો થાય છે ?
શું રોજિંદા કાર્ય કરતી વખતે તમને ઢીંચણમાં દુ:ખાવો થાય છે ?
શું તમારા પગ વાંકા વળી ગયા છે ?
શું ક્યારેય તમને ઢીંચણની તકલીફ માટે ઓપરેશનની સલાહ આપવામાં આવેલ છે ?
ઉપર જણાવેલ તકલીફોના નિદાન તથા સારવાર માટે ...
આશ્કા મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
અને ઢીંચણના રોગના નિષ્ણાત ડોક્ટર્સ (Knee Surgeon) ની ટીમ દ્વારા
ફ્રી કન્સલ્ટેશન
તારીખ : ૧૨ -૧૩ ઓગસ્ટ, ૨૦૧૭ સમય : સવારના ૧૦:૦૦ થી બપોરના ૨:૦૦
રજીસ્ટ્રેશન લીમીટેડ હોવાથી વહેલા તે પહેલાના ધોરણે કરવામાં આવશે.
વધુ જાણકારી અને રજીસ્ટ્રેશન માટે : ૭૫૭૫૦૦૭૭૦૫, ૯૭૨૨૬૩૨૧૩૧
સ્થળ : આશ્કા હોસ્પિટલ્સ પ્રા. લિ.
સરગાસણ અને રિલાયન્સ ચાર રસ્તાની વચ્ચે, સરગાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧.